# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૭૮ તા.૧૯-૯-૧૬**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :-સ્વચ્છતા અને સામાજિક સમરસતાના કાર્યક્રમ અંતર્ગત(કલાઉત્સવ) વિવિધ સ્પર્ધાત્મક યોજવા બાબત.

સંદર્ભ :-(૧) જીસીઈઆરટી/કલાઉત્સવ/૨૦૩૭૧-૨૦૪૭૨ તા.૧૫-૯-૧૬

(૨) જીસીઈઆરટી/કલાઉત્સવ/૧૯૯૮૩-૨૦૦૫૨ તા.૧૨-૯-૧૬

આથી મ્યુનિ.શાળાની તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે રાજ્ય સરકારશ્રી દ્વારા વિધાર્થીઓ ચિત્રકલા કૌશલ્ય, સાહિત્ય રચનાનું કૌશલ્ય, વાધ વગાડવાનું કૌશલ્ય વગેરે જેવા વિવિધ કૌશલ્યોનો વિકાસ માટે વિધાર્થીઓમાં રહેલી વિવિધ કલા અને પ્રતિભાને પ્રેરણા અને પ્રોત્સાહન પુરુ પાડી શકાય તથા પ્રતિભા સંપન્ન વિધાર્થીઓને માર્ગદર્શન મળે તે હેતુથી સ્વચ્છતા અને સામાજિક સમરસતાના કાર્યક્રમના ભાગરૂપે કલા ઉત્સવમાં ચિત્રસ્પર્ધા, બાળકવિસ્પર્ધા, સંગીત (ગાયન અને વાદન)નું આયોજન શાળા કક્ષાએથી શરૂ કરી જિલ્લા કક્ષા સૂધી કરવાનું છે.

- ઉચ્ચ પ્રાથમિક શાળાએ ચિત્રકલા, બાલકવિ સંમેલન, સંગીત સંમેલન (ગાયન અને વાદન)નું આયોજન ફરજિયાત કરવાનું રહેશે.
- શાળાકક્ષાની સ્પર્ધામાં તમામ સ્પર્ધા માટે શાળા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્પર્ધકને પસંદ કરવાના રહેશે તે પૈકી દરેક વિભાગમાંથી પ્રથમ વિજેતા સ્પર્ધકની એન્ટ્રી સી.આર.સી. કક્ષાની સ્પર્ધા માટે મોકલી આપવાની રહેશે.
- કલસ્ટરની કક્ષાની સ્પર્ધા :- શાળાઓમાંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ વિજેતાસ્પર્ધકોની એન્ટ્રી આધારે સ્પર્ધાઓયોજી તેમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકોની પસંદગી કરવાની રહેશે. તે પૈકી દરેક વિભાગમાંથી પ્રથમ ક્રમની વિજેતા સ્પર્ધકોની એન્ટ્રી ૨/૧૦/૨૦૧૬ ના રોજ યુ.આર.સી. કક્ષાએ હાર્ડ/સોફ્ટ કોપીમાં મોકલી આપવાની રહેશે. જેની જવાબદારી સી.આર.સી. કો.ઓર્ડિનેટરની રહેશે. સમય મર્યાદા પછી આપનાર એન્ટ્રી માન્ય ગણવામાં આવશે નહી. સી.આર.સી કક્ષાની સ્પર્ધાનું સ્થળ સી.આર.સી દ્વારા જણાવવામાં આવશે.
- યુ.આર.સી.કક્ષા:- કલસ્ટરમાંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ વિજેતા સ્પર્ધકોની એન્ટ્રી આધારે સ્પર્ધાઓયોજી તેમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકોની પસંદગી કરવાની રહેશે.
  યુ.આર.સી કક્ષાની સ્પર્ધાનું સ્થળ સી.આર.સી મારફત જણાવવામાં આવશે.
- જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ ડાયટ દ્વારા યોજવામાં આવશે. જે માટેનું સ્થળ સી.આર.સી.ના માધ્યમથી જણાવવામાં આવશે.
- કલા ઉત્સવ હેઠળ યોજવાની થતી ચિત્રકળા,બાળકવિ, સંગીત (ગાયન અને વાદન) સ્પર્ધાઓ માટે સ્પર્ધા દીઠ નીચે મુજબ ઇનામ આપવામાં આવશે.

| ક્રમ | વિગત | પ્રથમ ઇનામ (રૂ.) | દ્વિતીય ઇનામ (રૂ.) | તૃતીય ઇનામ (રૂ.) |
|---|---|---|---|---|
| ૧ | કલસ્ટર કક્ષાએ (ધો.ક થી ૮) | ૩૦૦ | ૨૦૦ | ૧૦૦ |
| ૨ | યુ.આર.સી/ઝોન કક્ષાએ (ધો.ક થી ૮) | ૫૦૦ | ૩૦૦ | ૨૦૦ |
| ૩ | જિલ્લા કક્ષાએ (ધો.ક થી ૮) | ૧૦૦૦ | ૮૦૦ | ૫૦૦ |

- તમામ ચાર સ્પર્ધાઓ ચિત્રસ્પર્ધા, બાળકવિ સ્પર્ધા, સંગીત (ગાયન અને વાદન) માટેનો સમયગાળો નીચે મુજબ રહેશે.

| ક્રમ | કક્ષા | પ્રાથમિક વિભાગ |
|---|---|---|
| ૧ | શાળા | ૨૪/૯/૨૦૧૬ |
| ૨ | સી.આર.સી. | ૧/૧૦/૨૦૧૬ |
| ૩ | યુ.આર.સી./ઝોન | ૮/૧૦/૨૦૧૬ |
| ૪ | જિલ્લા | ૧૫/૧૦/૨૦૧૬ |

- તમામ ચાર સ્પર્ધાઓ ચિત્રસ્પર્ધા, બાળકવિ સ્પર્ધા, સંગીત (ગાયન અને વાદન) માટેના વિષયો નીચે મુજબ રહેશે.

| ક્રમ | સ્પર્ધા અને વિષય/થીમ | પ્રાથમિક વિભાગ |
|---|---|---|
| ૧ | ચિત્ર | સ્વચ્છતા અથવા સામાજિક સમરસતા |
| ૨ | બાળકવિ | મનપસંદ વિષય |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

| ક્રમ | સ્પર્ધા અને વિષય/થીમ | પ્રાથમિક વિભાગ |
|---|---|---|
| ૩ | સંગીત – ગાયન | પ્રાર્થના અથવા બાળગીત |
| ૪ | સંગીત – વાદન | લોકવાદ્યો (એકતારો, રાવણહથ્થો, મોરચંગ, પાવો-(જોડિયા પાવા) ઢોલ, શરણાઇ વગેરે) અને તબલા, ઢોલક, હાર્મોનિયમ (ઉપરના પૈકી કોઇ પણ એક ) |

સ્વચ્છતા અને સામાજિક સમરસતા કાર્યક્રમ અંગે નીચે મુજબના કાર્યક્રમો/સ્પર્ધાઓ (ક્રમ-૧ સિવાય) માત્ર શાળા કક્ષાએ જ યોજવાની રહેશે તેની વિગતો નીચે મુજબ રહેશે.

| ક્રમ | કાર્યક્રમનું નામ | શાળાકક્ષાએ યોજવાની તારીખ (ઉચ્ચ પ્રાથમિક શાળા માટે ) | નોંધ (વિજેતા) |
|---|---|---|---|
| ૧ | કલા ઉત્સવ અન્વયે યોજવાની થતી વિવિધ સ્પર્ધાઓ જેવી કે ચિત્ર, સંમેલન, બાળકવિ સ્પર્ધા, સંગીત (ગાયના અને વાદન) | ૨૪/૯/૨૦૧૬ | શાળા કક્ષા પછી ક્રમશઃ સી.આર.સી., યુ.આર.સી. જિલ્લા કક્ષાએ જશે. |
| ૨ | નિબંધ સ્પર્ધા | ૨૬/૯/૨૦૧૬ | માત્ર શાળા કક્ષાએ |
| ૩ | વકૃતત્વ સ્પર્ધા | ૨૭/૯/૨૦૧૬ | માત્ર શાળા કક્ષાએ |
| ૪ | રમતગમત સ્પર્ધા | ૨૮/૯/૨૦૧૬ | માત્ર શાળા કક્ષાએ |
| ૫ | જાહેરા સ્થળોની સફાઇ | ૨૯/૯/૨૦૧૬ | માત્ર શાળા કક્ષાએ |
| ૬ | મહારેલી | ૩૦/૯/૨૦૧૬ | માત્ર શાળા કક્ષાએ |
| ૭ | સ્વચ્છતા અંગેનો શપથનો કાર્યક્રમ | ૧/૧૦/૨૦૧૬ | માત્ર શાળા કક્ષાએ |

- તમામ ચારા સ્પર્ધાઓ માટે પ્રત્યેક તબક્કે મૂલ્યાંકન સમિતિની રચના કરવાની રહેશે. મૂલયાંકન સમિતિના સભ્યોની પસંદગી માટે નીચે મુજબની બાબતો ધ્યાને લેવાની રહેશે.

| કક્ષા | ધોરણ ૬ થી ૮ |
|---|---|
| તજજ્ઞોની પસંદગીના ધોરણો | • ચિત્ર સ્પર્ધા માટે- ચિત્ર જાણકાર શિક્ષક/નિવૃત શિક્ષક કે આ સંબંધી અન્ય જાણકાર વ્યક્તિ /વોર્ડ કક્ષાએ વોર્ડના જાણકાર અને જિલ્લાકક્ષાએ જિલ્લાના જાણીતા ચિત્રકારની પસંદગી કરવાની રહેશે.<br>• કવિ સ્પર્ધા માટે-સાહિત્યના જાણકાર શિક્ષક/નિવૃત શિક્ષક કે આ સંબંધી અન્ય જાણકાર વ્યક્તિ /વોર્ડ કક્ષાએ વોર્ડના જાણકાર અને જિલ્લા કક્ષાએ જિલ્લાના જાણીતા સાહિત્યકાર/કવિની પસંદગી કરવાની રહેશે.<br>• સંગીત સ્પર્ધા માટે સંગીત(ગાયન અને વાદન) ના જાણકાર શિક્ષક /નિવૃત શિક્ષક કે આ સંબંધી અન્ય જાણકાર વ્યક્તિ/વોર્ડ કક્ષાએ વોર્ડના જાણકાર અને જિલ્લાકક્ષાએ જિલ્લાના જાણીતા ગાયક અને વાદકની પસંદગી કરવાની રહેશે. વ્યક્તિનો સમાવેશ કરવાનો રહેશે. |
| શાળા કક્ષાએ | શાળા આચાર્ય નક્કી કરશે. |
| કલસ્ટર કક્ષાએ | પ્રાથમિક વિભાગ માટે તજજ્ઞો સી.આર.સી.કો.ઓ નક્કી કરશે. |
| યુ.આર.સી./ઝોન | મદદનિશ શાસનાધિકારી અને યુ.આર.સી.કો.ઓર્ડિનેટર નક્કી કરે તે |

- આ સ્પર્ધા અંગેની વિગતવાર સૂચનાઓ અને નિયમો જીસીઈઆરટી દ્વારા આપવામાં આવશે. તેમજ જરૂર જણાયે સ્પર્ધાઓના ફોરમેટમાં ફેરફાર કરવાની સત્તા જીસીઈઆરટીને રહેશે.

તા.૧૯-૯-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી